| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ : | ૦૫/૦૩/૨૦૨૦ | | |
| દાખલ તારીખ : | ૦૫/૦૩/૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ : | ૨૦/૦૩/૨૦૨૩ | | |
| અવધિ: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૦ | ૧૫ |

**<u>ફોર્મ– "એ"</u>**

***મે. સુરતના નવમાં એડી. સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ,***

**ચુકાદા તારીખઃ ૨૦/૦૩/૨૦૨૩**

**<u>સેશન્સ કેસ નં.૧૬૨/૨૦૨૦.</u>**

[લાલગેટ પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નં. ૮૫/૨૦૧૯ થી ઇ. પી. કો. કલમ ૩૭૯, ૧૧૪, ૪૧૩ ]

| | |
|---|---|
| **ફરિયાદી.** | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | **શ્રી વી. એલ. ફળદુ** |
| **આરોપી.** | અબુ આમીર ઉર્ફે લાલા સ.ઓ.શબીરભાઇ કાસકીવાલા<br>ઉ.આ.વ.૨૩, ધંધોઃ–ચાઇનીઝની લારી<br>રહેઃ–ઘર નં. ૧૧/૮૦૪, મોહમંદી એપાર્ટમેન્ટ, સોપારી ગલી, જુમ્મા મસ્જીદ ની પાછળ, ચોકબજાર, સીંધીવાડ, સુરત. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | **વિ.વ. શ્રી ડી. જી. ખડાવાળા** |

**<u>ફોર્મ– "બી"</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૦૯/૨૦૧૯ |

| | |
|---|---|
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૧/૧૦/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૧૨/૦૨/૨૦૨૦ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૦/૦૪/૨૦૨૨ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૮/૦૮/૨૦૨૨ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૪/૦૩/૨૦૨૩ |
| ચુકાદાની તારીખ | ૨૦/૦૩/૨૦૨૩ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

**આરોપીની વિગત**

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| | અબુ આમીર ઉર્ફે લાલા સ.ઓ.શબીરભાઇ કાસકીવાલા | – | – | – | નિર્દોષ | – | – |

**ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯, ૧૧૪, ૪૧૩ મુજબનો.**

## *ચુ કા દો*

**૧.** લાલગેટ પોલીસ સ્ટેશન એ ગુ. ર. નં.૮૫/૨૦૧૯ ની તપાસના અંતે તપાસ કરનાર અધિકારી દ્વારા ઇ. પી. કો. કલમ ૩૭૯,૧૧૪, ૪૧૩ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

**૨.** ફરીયાદપક્ષની ટુંકમાં વિગતોઃ–

આ કામના આરોપી અબુ આમીર ઉર્ફે લાલ શબ્બીર કાસકીવાલા ગઇ તા.૩૦.૦૯.૨૦૧૯ ના રોજ સવારના આઠ વાગ્યા દરમ્યાન આ કામના ફરીયાદી

પાલનપુર પાટીયાથી ઓટો રીક્ષામાં બેસી નોકરી પર જતા હતા ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે રીક્ષામાં ફરીયાદીને આગળ પાછળ કરી ફરીયાદીના પેન્ટના ખીસ્સામાં રહેલ રેડમી ૫ એ કંપનીનો મોબાઇલ ફઓન ચોરી કરી આ કામના આરોપીને વેચી ગુનો કરી પકડાઇ જઇ આરોપીએ ઇ. પી. કો. કલમ–૩૭૯, ૧૧૪, ૪૧૩ મુજબનો ગુનો કર્યા અંગેનું આરોપી વિરૂધ્ધ હાલનું ચાર્જશીટ કરેલ છે.

**૩.** ઉપર મુજબનું ચાર્જશીટ એડી. સીવીલ જજ અને જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. સુરતશ્રીની કોર્ટમાં રજુ થતાં તેને ફોજદારી કેસ નં.૭૪૮૬/૨૦૨૦ થી રજીસ્ટર્ડ કરી, ત્યારબાદ જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક., સુરતશ્રીએ તેઓના તા.૦૪–૦૩–૨૦૨૦ ના રોજના હુકમથી કેસ સેશન્સ કમીટ કરતાં, સદર કેસને, સેશન્સ કેસ નં.૧૬૨/૨૦૨૦ થી રજીસ્ટરે લઇ અત્રેની કોર્ટમાં ન્યાયીક કાર્યવાહી ચલાવવા તબદિલ કરવામાં આવેલ છે.

**૪.** આ કામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસના તમામ કાગળો આપવામાં આવેલાં છે, અને તે મળ્યા બદલની ખાતરી કરવામાં આવેલ છે.

**૫.** આ કામે અત્રેની કોર્ટ દ્વારા ઉપરોકત ગુના અન્વયેનું તહોમતનામુ આંક–૯ વાળુ આરોપી વિરૂધ્ધ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૮ મુજબ ફરમાવામાં આવેલ છે. આરોપીએ તહોમતનામુ સમજીને, સાંભળ્યા બાદ સદર તહોમતનામાં અન્વયેના ગુનાનો ઇન્કાર કરી, કામ આગળ ચલાવવાની માંગણી કરતાં ફરીયાદ પક્ષ તર્ફે નીચે મુજબના પુરાવાઓ રજુ થયેલા છે.

**૬.** આ કામે ફરીયાદપક્ષ દ્વારા આરોપી વિરૂધ્ધના આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવાઓઃ–**

| નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | અમિષભાઇ ભરતભાઇ પારેખ– ફરીયાદી | ૧૧ |
| ૨ | ઉપેન્દ્રભાઇ દિલીપસીંહ– પોલીસ સાહેદ | ૧૪ |
| ૩ | તેજસકુમાર અનિલભાઇ ગઢવી– પોલીસ સાહેદ | ૧૫ |
| ૪ | જેઠાભાઇ હોમજીભાઇ – પી.એસ.ઓ. | ૧૬ |
| ૫ | જીતેન્દ્રસીંહ માનસીંહસ ચૌહાણ– ત.ક.અમલદાર | ૧૮ |

**દસ્તાવેજી પુરાવાઓઃ–**

| ક્રમ નંબર | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| ૧ | એફ.આઇ.આર. | ૧૨ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૩ |
| ૩ | સ્ટેશન ડાયરીની નકલ | ૧૭ |

**૭.** આ કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૯ ની પુરશીસથી પુરાવો પુર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે.

૮. ફરિયાદપક્ષનો પુરાવાઓ પુર્ણ થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધાવવામાં આવેલ, જે નિવેદનમાં આરોપી દ્વારા ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ તથા વધુમાં તેઓ બચાવપક્ષે કોઇ સાહેદ તપાસવા ન માંગતા હોવાનું તથા સોગંદ પર જુબાની આપવા ન માંગતા હોવાનું જણાવી વિશેષમાં જણાવેલ કે, "આ કામમાં ફરીયાદીએ અમોને ઓળખી બતાવતા નથી. સદરહુ કામે અમો આરોપીની અનડીટેકટ ગુનામાં ફકત કામગીરી દર્શાવવા સારૂ ખોટો કેસ કરી અમો વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં પો.સ્ટે.માં પંચનામાંઓ કરી અમો આરોપીની અટક દર્શાવવામાં આવેલ છે. અમો આરોપી નિર્દોષ છીએ અમો આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા મહેરબાની કરશોજી."

૯. આ કામે સરકારપક્ષે વિ. એ. પી. પી. શ્રી વી. એલ.ફળદુ તથા આરોપી તરફે વિ.વ.શ્રી ડી. જી. ખડાવાળાની મૌખિક દલીલો સાંભળી.

**૧૦.** આ કામે બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળી અને કેસનું રેકર્ડ ધ્યાને લેતા ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપી અબુ આમીર ઉર્ફે લાલ શબ્બીર કાસકીવાલા ગઇ તા.૩૦.૦૯.૨૦૧૯ ના રોજ સવારના આઠ વાગ્યા દરમ્યાન આ કામના ફરીયાદી પાલનપુર પાટીયાથી ઓટો રીક્ષામાં બેસી નોકરી પર જતા હતા ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે રીક્ષામાં ફરીયાદીને આગળ પાછળ કરી ફરીયાદીના પેન્ટના ખીસ્સામાં રહેલ રેડમી ૫ એ કંપનીનો મોબાઇલ ફ્ઓન ચોરી કરી આ કામના આરોપીને વેચી ગુનો કરી પકડાઇ જઇ આરોપીએ ઇ. પી. કો. કલમ– ૩૭૯, ૧૧૪, ૪૧૩ મુજબનો શિક્ષા અને દંડને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**૧૧.** ઉપરોકત મુદાઓના તારણો તથા કારણો નીચે મુજબ છે.
(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

## *– કારણો –*

**૧૨. મુદ્દા નં.૧–**

આ કામે વિ. એ. પી. પી. શ્રીએ તેમની ભારપુર્વકની દલીલમાં જણાવેલ છે કે, આ કામના આરોપી અબુ આમીર ઉર્ફે લાલ શબ્બીર કાસકીવાલા ગઇ તા.૩૦.૦૯.૨૦૧૯ ના રોજ સવારના આઠ વાગ્યા દરમ્યાન આ કામના ફરીયાદી પાલનપુર પાટીયાથી ઓટો રીક્ષામાં બેસી નોકરી પર જતા હતા ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે રીક્ષામાં ફરીયાદીને આગળ પાછળ કરી ફરીયાદીના પેન્ટના ખીસ્સામાં રહેલ રેડમી ૫ એ કંપનીનો મોબાઇલ ફ્ઓન ચોરી કરી આ કામના આરોપીને વેચી ગુનો કરી પકડાઇ જઇ આરોપીએ ઇ. પી. કો. કલમ–

૩૭૯, ૧૧૪, ૪૧૩ મુજબનો ગુનો પડેલ પુરાવા પરથી પુરવાર કરેલ છે. આ કામે ફરીયાદીએ તેમની ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવેલ છે અને ફરીયાદની વિગતોને સમર્થકારી પુરાવો આપેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઇ વિરૂધ્ધની વિગતો જણાવેલ નથી. આ કામે તપાસવામાં પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ ગુનાની તપાસ કરનાર અમલદારે સદર ગુનાના કામે કરેલ કામગીરી અંગેનું પુનરાવર્તન તેમની સરતપાસમાં કરેલ છે અને ફરીયાદપક્ષના કેસની વિગતોને સમર્થન પ્રાપ્ત થાય તેવી વિગતો જણાવેલ છે. આમ, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આક્ષેપિત ગુનાના તત્વો પુરવાર થતા હોય આરોપીને તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા તથા ભારે દંડ કરવા રજુઆત કરેલ છે.

**૧૩.** જયારે આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી ડી.જી. ખડાવાળા નાઓએ તેઓની મૌખિક દલીલોમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા ફરીયાદીએ ફરીયાદમાં તેમની સહી સિવાયની અન્ય કોઇ વિગતોને સમર્થન આપેલ નથી. તેમજ આ કામના આરોપીઓને તેઓએ જોયેલા ન હોવાનું જણાવેલ છે. તેમજ નામ. કોર્ટ સમક્ષ પણ ઓળખી બતાવેલા નથી. જેથી આ કામના ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની વિગતોને સમર્થન આપેલ નથી કે આરોપીને ઓળખી બતાવેલ નથી. આ કામે તપાસવામાં આવેલ ત.ક.અમલદાર તથા અન્ય પોલીસ સાહેદો સ્વાભાવિક રીતે ફરીયાદ પક્ષ ના કેસના રસ ધરાવતા સાહેદ કહેવાય આ સાહેદોના પુરાવાને જયારે ફરીયાદી કે અન્ય સ્વતંત્ર સાહેદોનો સમર્થન મળેલ ન હોય ત્યારે માત્ર આ પોલીસ સાહેદની જુબાની ઉપર આધાર રાખી આરોપીને આ ગુનાના કામે સંડોવી શકાય નહીં. જે તમામ વિગતોને ધ્યાને લઇ આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૧૪.** આમ, સદર કામના આરોપી સામે નોંધાયેલ ગુનાની જોગવાઇઓ, આવશ્યક તત્વો તથા પ્રસ્થાપિત સિધ્ધાંતો અને રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ ધ્યાને લેતા આ કામના ફરીયાદીએ મુખ્યત્વે તેઓની ફરીયાદમાં એવુ જણાવેલ છે કે ગઇ

તા.૩૦.૦૯.૨૦૧૯ ના રોજ સવારના આઠ વાગ્યાના સુમારે તેમનો રેડમી ૫ એ કંપનીનો ગોલ્ડ કલરનો મોબાઇલ ફોન જેની કિમત આશરે રૂ.૩૫૦૦/– નો જે રીક્ષામાં તેમની આજુબાજુમાં બેસેલ અજાણ્યા પેસેન્જરે તેમને આગળ બેસો પાછળ બેસો તેમ કહી તેમની નજર ચુકવી તેમના પેન્ટના ખીસ્સામાંથી મોબાઇલ ચોરી કરી લઇ ગયેલ હોવા અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. આ કામે ફરીયાદપક્ષે સદર ફરીયાદને સમર્થન કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસેલા છે.

**૧૫.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે ફરીયાદી અભિષભાઇ ભરતભાઇ પારેખ ને આંક–૧૧થી તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ વિનોદકુમાર ડાયમંડ કંપનીમાં નોકરી કરે છે. બનાવ વખતે પણ ત્યાં જ નોકરી કરતા હતા બનાવના અરસામાં રેડ મી કંપનીનો મોબાઇલ હતો જે તેમણે આસરે સાત હજારમાં ખરીદેલો. તા.૩૦.૦૯.૨૦૧૯ ના રોજ તેઓ પોતાની નોકરી પર જવા રીક્ષામાં નીકળેલો ત્યારે તે રીક્ષામાં અગાઉથ ત્રણ પેસેન્જર બેસેલ હતા. તેમાંથી એક પેસેન્જર ઉતરીને આગળની ડ્રાઇવરની સીટ પર બેસેલ. ચોક પાસે આવતા તેમનું ધ્યાન ગયેલુ કે તેમના ખીસ્સામાં મોબાઇલ નથી. તેમણે પેસેન્જરને પુછતા તેઓએ ગોળ–ગોળ જવાબ આપેલ અને તેઓ ખીસ્સા તપાસવા દીધેલા નહીં. તેમને નોકરીએ મોડુ થતુ હોય તેઓ બીજી રીક્ષા પકડીને નોકરીએ ચાલી ગયેલ. તે દિવસે તેમણે બપોરે ફરીયાદ નોંધાવેલ. તેઓ આજરોજ આરોપીઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે. તેમને નિ.૭/૧ વાળી ફરીયાદ બતાવવામાં આવતા તે જોઇને જણાવે છે કે તેમાં તેમની સહી છે જે ઓળખી બતાવતા આંક–૧૨ થી રજુ થયેલ છે. જયારે બચાવપક્ષે સદર ફરીયાદીની કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

આમ, સદર ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદીએ તેમની સરતપાસમાં તેઓ રીક્ષામાં જતા હતા ત્યારે ચોક પાસે આવતા તેમા ખીસ્સામાં મોબાઇલ નથી તેવુ ધ્યાનમાં આવતા તેમજ પેસેન્જરોને પુછતા તેઓએ ગોળ –ગોળ જવાબ આપેલ તેમજ તેઓએ ખીસ્સા તપાસવા દીધેલા નહીં. ત્યારબાદ તે અંગેની ફરીયાદ દાખલ કરેલ છે. સદર સાહેદે આરોપીઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે. આમ, સદર ફરીયાદીની જુબાનીથી

આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ વિગતો જણાય આવતી ન હોય આ સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ બનતી નથી.

**૧૬.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે પોલીસ સાહેદ ઉપેન્દ્રભાઇ દીલીપસીંહ ને આંક–૧૪ થી તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૬.૧૦.૨૦૧૯ ના રોજ તેઓ ડીસીબી પો.સ્ટે.માં તેમની ફરજ પર હાજર હતા તે દરમ્યાન એવી બાતમી મળેલી હતી કે અબુ આમીર તથા તેના બે મિત્રો નંબર વગરની હોન્ડ મો.સા. પર ચોરીના મોબાઇલ વેચવા જવાના છે અને થોડા સમયમાં માછીવાડ સર્કલ પાસેથી પસાર થવાના છે તેવી બાતમી મળતા પી.એસ.આઇ. શ્રી ગઢવી તથા તેઓ તથા તેમની સાથેના પોલીસ કર્મીઓને તેઓશ્રીએ સુચતના આપતા ઇન્વેસ્ટીગેશન કીટ મેળવી ડીસીબી પો.સ્ટે.ના કમ્પાઉન્ડમાં તેઓ આવેલા અને ખાનગી વાહનોની ઝડતી કરી કોઇ વાંધાજનક વસ્તુ મળી નહીં આવતા ડીસીબી પો.સ્ટે.ની ડાયરીમાં અગીયાર કલાકે નોંધ કરાવી બાતમી વાળી જગ્યાએ જઇ કોઇને શક નહીં પડે તે રીતે છુટ છવાયા ગોઠવાઇ ગયેલા. થોડીવારમાં બાતમી હકીકત મો.સા. પર ત્રણ ઇસમો સવાર થઇને આવતા પો.કો. બાગાભાઇએઇશારો કરેલ અને મો.સા. પણ રોકેલી. ચાલકનું પોતાનું નામ પછતા તેને પોતાનું નામ મો. ઝૈદ ગુલામ મો. મન્સુરી જણાવેલુ. વચ્ચે બેઠેલા ઇસમોને પોતાનું નામ મુફેઝ મુલતાની જણાવેલુ તથા પાછળ બેસેલા ઇસમે પોતાનું નામ અબુ આમીર ઉર્ફે લાલા શબ્બીર કાસકીવાલા હોવાનું જણાવેલુ. આરોપીઓ પાસે કાળા કલરની બેગ હતી તે ખુબજ વજનવાળી હતી, તે બેગ ખોલીને જોતા કુલ ૫૭ મોબાઇલ મળી આવેલા જેની કિમત આશરે ૫,૮૩,૫૦૦/– હતી. આ મોબાઇલોની બિલ તથા પુરાવા માંગતા તમો આરોપીઓએ ગલ્લા તલ્લા કરી ઉડાઉ જવાબ આપેલા તેમજ મો.સા.ના પણ આધાર પુરાવા માંગતા તેઓ પાસેથી તે નહીં હોવાનું જણાવેલુ. મોબાઇલ તથા મો.સા. કબજે લઇ ૧૩–૩૦ કલાકે આરોપીઓને અટક કરેલા. આ બાબતે પો.સ.ઇ. શ્રી ગઢવીએ તેમનું નિવેદન લીધેલુ. આ કામના આરોપી નામ. કોર્ટમાં હાજર હોય સાહેદે તેઓને ઓળખી બતાવેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે બનાવ વખતે તેઓ વાહન સ્કોડમાં ફરજ

બજાવતા હતા. એ વાત ખરી છે કે, ડીસીબી પો.સ્ટે. તરફથી ઉપલી અધિકારી તરફથી વાહન ચેકીંગ માટેનો ટાર્ગેટ આપવામાં આવતો હતો અને તે ટાર્ગેટ તેઓએ પુર્ણ કરેલો હતો. એ વાત કબુલે છે કે, બાતમી તેઓને તથા તેમની સાથેના અ.હે.કો. નળપતસીંહને મૈખિક મળેલી. એ વાત ખરી છે કે, બાતમીની હકીકતોનો ઉલ્લેથી તેઓએ પોતાના નિવેદનોમાં કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આવી કોઇ બાતમી મળેલ નથી. ડીસીબી પો.સ્ટે.થી તેઓ આશરે ૧૧–૧૫ કલાકે નીકળેલા. બાતમીની જાણ તેઓએ સૌપ્રથમ પો.સ.ઈ. શ્રી ગઢવી સાહેબને મૌખિક કરેલી. એ વાત કબુલે છે કે, બાતમીની જાણ તેઓએ પો.સ.ઈ. શ્રી ગઢવી સાહેબને કરેલી તે તેમના નિવેદનમાં લખાવેલુ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે પો.સ.ઈ. શ્રી ગઢવી સાહેબને બાતમીની જાણ કરેલ નથી. તેઓ રેડીંગ કરવા માટે એક ફોર વ્હીલ, એક ઓટો રીક્ષા અને એક મો.સા. પર નીકળેલા. એ વાત કબુલે છે કે રેડીંગ કરવા જે વાહનો લઈને નીકળેલા તે વાહનોના નંબર તથા અન્ય વાહનોની વિગત તેમણે પોતાના નિવેદનમાં લખાવેલ નથી. રેડીંગ કરવા માટે તેઓ કુલ્લે દસ માણસો ગયેલા. આ દસેક માસઓ કયા કયા વાહનોમાં ગયેલા તે હાલ તેમને યાદ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેમની સાથે આવા વ્યકિતઓ રેડીંગ કરવા માટે આવેલા નહીં. રેડીંગ વાળી જગ્યાએ પહોંચતા તેઓને દસ થી પંદર મિનીટ લાગેલ. બાતમીવાળી જગ્યાએ કોણ કઈ જગ્યાએ ઉભા રહેવાના હતા અને પોલીસની ઓળખ છતી ન થાય તે રીતે ઉભા રહેલા હતા. એ વાત કબુલે છે કે બાતમીવાળી જગ્યા ખુબ ભરચક એરીયા છે અને સતત વાહનોની અવર જવર ચાલુ રહે છે. એ વાતની તેમને ખબર નથી કે બાતમીવાળી જગ્યા પર ઘણા બધા એકઝીટ પોઇન્ટ છે. ત્યાં કેટલા એકઝીટ પોઇન્ટ છે તે તેમને ખ્યાલ નથી. બાતમીવાળી જગ્યાએ તેઓ આશરે અઝી થી પોણા ત્રણ કલાક સુધી રોકાયેલા. એ વાત કબુલે છે કે તેઓ રેઇડ કરવા માટે દસેક માણસો ગયેલા તે માણસોના નામ તેમના નિવેદનમાં લખાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે કહેવાતી બાતમી તેમને મળેલ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે ખોટી કામગીરી દર્શાવવા આરોપીની ધરપકડ કરેલી છે.

૧૮. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે પોલીસ સાહેદ તેજસકુમાર અનિલભાઇ ગઢવીને આંક–૧૫થી તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૦૬.૧૦.૨૦૧૯ ના રોજ તેઓ પો.સ.ઇ. તરીકે ડીસીબી પો.સ્ટે.માં સુરત ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન હે. કો. ઉપેન્દ્રસિંહ તથા હે. કો. નરપતસિંહનાઓને બાતમી મળેલી કે, ત્રણ ઇસમો હોન્ડા સાઇન મો.સા. લઇને માછીવાડ નાનપુરા બાજુથી પસાર થતા હોય તેમની પાસે ચોરીના મોબાઇલ હોવાની હકીકત હતી. જે તેઓને જાણ કરતા તેઓએ આ બાબતેની તેમના ઉપરી અધિકારીને જાણ કરી તેમની સાથેના એ.એસ.આઇ. રતનસિંહ, હે. કો. ઉપેન્દ્રસિંહ, હે. કો. નરપતસિંહ, હે. કો.સંદીપભાઇ, હે.કો. નિલેશભાઇ, પો.કો. લાલજીભાઇ, પો.કો. બાઘાભાઇ, તથા પંચોના માણસોને બોલાવી સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરી જે જગ્યાની બાતમી મળેલી તે જગ્યાએ પહોંચીને વોચમાં હતા. તે દરમ્યાન બાતમી મળ્યા અનુસાર ત્રણ ઇસમો હોન્ડા સાઇન બાઇક લઇને માછીવાડ સર્કલ પાસેથી પસાર થતા પો.કો. બાઘાભાઇએ આ બાબતેનો ઇશારો કરતા તેઓએ તે લોકોને ત્યાં ઉભા રાખી તેમને ચેક કરતા પાછળ બેસેલ ઇસમ અબુ આમીર ઉર્ફે લાલા કે જેને પોતાની પાછળ પીઠ પર એક બેગ લગાવેલી હતી તે બેગમાંથી કુલ ૫૭ જેટલા મોબાઇલ ફોન મળી આવેલા. જેના આધાર પુરાવા બિલ વિગેરે માંગતા તેમની પાસે નહીં હોઇ અને આ મોબાઇલ તેઓએ અલગ અલગ વ્યકિત પાસેથી ખેંચી તથા ચોરી કરી લાવેલ હોવાનું જણાવેલુ. જેથી આ અંગેનું જગ્યા પર પંચનામું કરી તેઓને ડીસીબી પો.સ્ટે. ખાતે લઇ આવેલા હતા. રીપોર્ટ સાથે આગળની કાર્યવાહી માટે જરૂરી કાર્યવાહી કરી ઉમરા પો.સ્ટે.માં સોંપેલા. આ કામના આરોપી નામ. કોર્ટમાં હાજર હોય તેઓને સાહેદે ઓળખી બતાવેલા છે.જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતી બાતમી તેઓને મરેલી નથી. એ વાત કબુલે છે કે, બાતમી જયારે મળી ત્યારે તેઓ હાજર ન હતા. બાતમીની જાણ તેઓને હે.કો. ઉપેન્દ્રસિંહનાઓએ કરેલી. જેની જાણ તેઓએ ડીસીબી પો.સ્ટે.ના ઇ.ચા. પી.આઇ. સાહેબને કરેલી. બાતમીની જાણ તેઓને તેઓના ઉપરા અધિકારીને મૌખિક કરેલી. રેઇડ કરવા માટે ગયેલા ત્યારે પંચોને કોણે બોલાવેલ તે હાલ તેમને યાદ નથી. એ વાત કબુલે છે કે, આ પંચો તટસ્થ

પંચો હોવા જોઇએ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ પંચો ડીસીબી પો.સ્ટે.ના કાયમી પંચો છે. આ રેઈજ કરવા માટે તેમની અને પંચો સહિત કુલ દસ માણસો ગયેલા. તેઓ રેઈડ કરવા માટે કુલ ત્રણ વાહનો લઈને ગયેલા જેમાં એક ટુ વ્હીલર, એક રીક્ષા અને એક ફોર વ્હીલર હતુ. એ વાત કબુલે છે કે,તેઓ રેઈડ કરવા માટે જે વાહનો લઈને ગયેલા તે વાહનોનો ઉલ્લેખ તેઓએ તેમની સરતપાસમાં કરેલ નથી. તેઓ રેઈડમાં આશરે ડીસીબી પો.સ્ટેથી આશરે સવા અગીયાર વાગે નીકળેલા. રેઈડ વાળી જગ્યાએ પહોંચતા તેઓને દસ થી પંદર મીનીટ લાગેલી. રેઈડ વાળી જગ્યાએ તેઓ આશરે બે કલાક રોકાયેલા. એ વાત કબુલે છે કે, તેઓને આ બાતમીમાં આરોપીઓનો રૂપ રંગ કે આકારનો કોઈ હકીકત મળેલી નહીં. એ વાત કબુલે છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા સીસીટીવી કુટેજ હોઈ શકે છે. એ વાત કબુલે છે કે આ ગુના કામે આવા કોઈ સીસીટીવી કુટેજ કબજે કરેલા નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે ડીસીબી  પો.સ્ટે.માં બે પંચોને બોલાવી તેઓના નામ ઠામ પુછી તેઓની તૈયાર પંચનામાંમાં સહી કરાવી લીધેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની રૂબરૂ કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આરોપીની ખોટી રીતે ધરપકડ કરવામાં આવેલ છે.

૧૯. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે પી.એસ.ઓ. જેઠાભાઈ હોમજીભાઈને આંક–૧૬થી તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા બે વર્ષથી સંતરામપુર પો.સ્ટે. માં ફરજ બજાવે છે. સને ૨૦૧૯ માં તેઓ લાલગેટ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે બજાવતા હતા. ગઈ તા.૦૧.૧૦.૨૦૧૯ ના રોજ તેઓ પો.સ્ટે.માં હાજર હતા તે દરમ્યાન ફરીયાદ અમિષભાઈ ભરતભાઈનાઓએ તેઓનો રેડમી ૫–એ કંપનીનો મોબાઈલ કોઈ અજાણ્યા ઇસમે ચોરી કરી લઈ ગયેલ હોય તે બાબતે વિગતવારની ફરીયાદ આપતા તેમના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલી. તેમને આંક–૧૨ ની ફરીયાદ બતાવવામાં આવતા તે જોઈને જણાવે છે કે તેમાં ફરીયાદી તથા રૂબરૂ તરીકે તેમની સહી છે તે ઓળખી બતાવે છે. ફરીયાદ લીધા બાદ તે ફરીયાદને લાલગેટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૮૫/૨૦૧૯ થી ઇ.પી.કો.ની કલમ– ૩૭૯,

૧૧૪ થી સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ર૪ કલાક–ર૦–ર૦ તા.૦૧.૧૦.ર૦૧૯ ના રોજ ગુનો રજીસ્ટર કરેલો તે અંગેના સ્ટેશન ડાયરીનો ઉતારાની સહી સિકકાવાળી નકલ તેમની સાથે લાવેલ છે તે આંક–૧૭ થી રજુ થયેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે ફરીયાદ લીધા સિવાય તેમણે અન્ય કોઇ કાર્યવાહી કરેલી નથી.

આમ, સદર સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા સદર સાહેદ બનાવ સમયે પી.એસ.ઓ. તરીકે હાજર હતા. આ સાહેદે ફરીયાદીની ફરીયાદ લખી લઇ તેનો સ્ટેશન ડાયરીમાં ઉતારો કરેલ છે.તેમજ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમણે ફરીયાદ લીધા સિવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી.

**૧૯.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.પ તરીકે જીતેન્દ્રસીંહ માનસીંહ ચૌહાણને આંક–૧૮થી તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,હાલ તેઓ મોટા અંબાજી પો.સ્ટે. ખાતે ફરજ બજાવે છે. સને ર૦૧૯ ની સાલમાં તેઓ લાલગેટ પો.સ્ટે.માં પો.સ.ઇ. તરીકે તેમની ફરજ પર હાજર હતા. તે દરમ્યાન લાલગેટ પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં. ૮પ/ર૦૧૯ ના ગુનાની તપાસ તેમની તરફ તેઓએ તપાસા કાગળો સહિત તપાસ સંભાળી લીધેલી. તેમની તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ તપાસના કામે સામેલ રાખેલ અને ફરીયાદી ગુનાવાળી જગ્યા બતાવતા હોય બે પંચો સાથે રાખી ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલુ, જે પંચનામું આ કામે આંક–૧૩ થી રજુ છે. જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી છે, ઓળખી બતાવે છે. ત્યારબાદ આ ગુનાની કબુલાત કરતા આરોપી અબુ આમીર શબ્બીર કાંસકીવાલા તથા મો.ઉમર ગુલામ મન્સુરીનાઓને ડીસીબી પોલીસે આ ગુનામાં સીઆરપીસીની કલમ–૪૧(૧)(ડી) મુજબ અટક કરેલી અને અત્રેની લાલગેટ પો.સ્ટે.ને ટેલિફોનિક વર્દી લખાવતા ટેલિફોનિક વર્દીના આધારે આરોપીઓને ડીસીબી પો.સ્ટેથી લાવી આ ગુનાના અટક કરેલા અને મુદ્દામાલની પાવતી ફાડી અને આ કામે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા આરોપી વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરેલી. આ કામના આરોપીને ઓળખે છે. તેઓ આ કામના આરોપીને ઓળખી બતાવે છે. તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. જયારે બચાવપક્ષે કરવામાં

આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને અન્ય ગુનાના કામે અટક કરેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યાનું પંચનામું પો.સ્ટે. બેસીને તૈયાર કરીને તૈયાર પંચનામાંમાં પંચોની સહી લીધેલી છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટી રીતે ચાર્જશીટ કરેલી છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પો.સ્ટે. અનડીટેકટ ગુનાઓ ખોટી રીતે આરોપીના ઉપર ચડાવી લીધેલા છે.

**૨૦.** આ કામે ઉપરોકત તમામ પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો સદર પોલીસ સાહેદોએ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની વિગતોને સમર્થન આપેલ છે પરંતુ હાલના સાહેદો એ પોલીસ સાહેદો હોય સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષના કેસને રસ ધરાવતા સાહેદો કહેવાય. પોલીસ સાહેદનો પુરાવો માની ન શકાય તેવો કોઇ પ્રસ્થાપિત સિધ્ધાંત નથી પરંતુ આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીના પુરાવાથી કેસની વિગતોને સમર્થન પ્રાપ્ત થતો નથી. આ કામે પોલીસ સાહેદોએ તેમની કરેલ કામગીરી અંગેનું વર્ણન તેમની જુબાનીમાં કરેલ છે. આ કામે તપાસવામાં આવેલ ત.ક.અમલદારે પણ આ કામના આરોપીની ડીસીબી સીઆરપીસી કલમ–૪૧(૧)(ડી) મુજબ અટક કરેલી હોવાનું જણાવેલ છે. તેમજ ટેલિફોનિક વર્દીના આધારે આરોપીને ડીસીબી પોલીસ સ્ટેશનેથી લાવી, મુદ્દામાલ પાવતી ફાડી આ કામે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષે રીકવરી પંચનામાંના પંચ સાહેદોને તપાસીને તે અંગેની વિગતો પુરવાર કરેલ નથી. જેથી હાલના આરોપીના કબજા ભોગવટામાંથી જ સદર મુદ્દામાલ મોબાઇલ ફોન મળી આવેલા હોય તેવી કોઇ વિગતો પુરવાર થતી નથી.

**૨૧.** આમ, ફરીયાદપક્ષ સદર કામે આરોપી સામે આંક–૯માં ફરમાવેલ તહોમતનામાં મુજબ આ કામના આરોપી અબુ આમીર ઉર્ફે લાલ શબ્બીર કાસકીવાલા ગઇ તા.૩૦.૦૯.૨૦૧૯ ના રોજ સવારના આઠ વાગ્યા દરમ્યાન આ કામના ફરીયાદી પાલનપુર પાટીયાથી ઓટો રીક્ષામાં બેસી નોકરી પર જતા હતા ત્યારે કાયદાના

સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે રીક્ષામાં ફરીયાદીને આગળ પાછળ કરી ફરીયાદીના પેન્ટના ખીસ્સામાં રહેલ રેડમી ૫ એ કંપનીનો મોબાઇલ ફઓન ચોરી કરી આ કામના આરોપીને વેચી ગુનો કરી પકડાઇ જઇ આરોપીએ ઇ. પી. કો. કલમ–૩૭૯, ૧૧૪, ૪૧૩ મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આવા વેર વિખેર પુરાવાના આધારે આરોપીને હાલના ગુના સાથે સાંકળી શકાય નહીં.

**૨૦.** આ કામે ફરીયાદક્ષ દ્વારા કુલે ૦૫ સાહેદ તથા ૦૩ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીએ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ વિગતો જણાવેલ નથી. આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ કે જેમણે સદર કામે આરોપીની અટક કરેલ છે તેમજ ફરીયાદ દાખલ કરેલ છે. તેમજ સદર ગુનાના કામે તપાસ કરેલ છે અને ચાર્જશીટ કરેલ છે. તેમણે સદર કામે કરેલ કામગીરીનું વર્ણન તેમની સરતપાસમાં કરેલ છે. પરંતુ સદર કામે ફરીયાદપક્ષે ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીને ઓળખી બતાવેલા નથી. વધુમાં, હાલના આરોપી ઉપર સદર ચોરીના મોબાઇલ ફોન ખરીદવાનો આક્ષેપ છે પરંતુ સદર કામે ફરીયાદપક્ષે સદર મુદ્દામાલ આરોપીના કબજા ભોગવટામાંથી જ મળી આવેલ હોય તેવી કોઇ વિગતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વધુમાં, આ કામે મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે તે અંગેનું પંચનામું ફરીયાદપક્ષ દ્વારા સદર કામમાં દસ્તાવેજી પુરાવા સાથે રજુ રાખેલ નથી કે આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોના પુરાવામાં પણ તેને રજુ રાખી તેના ઉપર આધાર રાખેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી. આમ, મુદ્દામાલ રીકવરી અંગેનું પંચનામું રજુ ન કરી ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે અને આ કામના આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામું જેમાં તેઓ દ્વારા સદર મોબાઇલ લુંટનું હોવાનું જાણતો હોવા છતાં સદર આરોપીએ ખરીદ કરેલ છે અને ઇ.પી.કો.ની કલમ–૩૭૯(એ)(૩), ૪૧૩, ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે તેવુ પુરવાર પડેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ નથી. વધુમાં, આ કામે ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદી સિવાયના તમામ પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે. તેમજ, આ કામે બાતમીવાળી જગ્યા ઉપર ખાનગી વાહનોમાં હાજર રહી ત્રણ ઇસમોને પકડી પાડેલ છે પરંતુ

બાતમીવાળી જગ્યા ખુબ ભરચક એરીયા છે અને ત્યાં સતત વાહનોની અવરજવર ચાલુ રહે છે તેવુ રેડીંગ પાર્ટીના સભ્ય ઉપેન્દ્રભાઇ દીલીપસિંહને આંક–૧૪ ની જુબાનીની ઉલટતપાસમાં જણાવેલ છે પરંતુ આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી કે તેઓને નામ. કોર્ટ સમક્ષ તપાસવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષે નિ.૭/ર થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાંને આંકે આપવામાં તો વાંધો નથી તેવો શેરો કરતા સદર ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૧૩ થી રજુ થયેલ છે. પરંતુ સદર ગુનાવાળી જગ્યાના પંચનામાંથી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ વિગતો જણાય આવતી નથી. જેથી આ કામે રજુ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને તથા વંચાણે લેતા તેમાં આરોપીને સદર ગુનામાં સીધી કે આડકતરી રીતે સંડોવી શકાય તેવો કોઇ સબળ, ઠોસ કે કડીબધ્ધ પુરાવો જણાય આવતો નથી. આમ, સદર કામે આરોપી સામે દાખલ કરવામાં આવેલ આક્ષેપિતો કલમોના તત્વો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે.

**૨૩.** આમ, ઉપરોકત ચર્ચાએ રેકર્ડ ઉપર પડેલ સમગ્ર પુરાવાનો મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ તહોમતનામાં મુજબના આક્ષેપો સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## *– હુકમ –*

- આથી, આરોપી અબુ આમીર ઉર્ફે લાલા સ.ઓ.શબીરભાઇ કાસકીવાલા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૩૫ (૧) અન્વયે ઇન્ડીયન પીનલ કોડની કલમ ૩૭૯,૧૧૪, ૪૧૩ મુજબના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૪૩૭ (ક) અન્વયે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરાના) ના સધ્ધર જામીન

તથા તેટલી રકમનો જાત મુચરકો અપીલમાં હાજર રહેવા સારૂ છ માસ સુધીના સમયગાળાના આપવાના રહેશે.

- આ કામે તપાસઅર્થે કબજે લીધેલ મુદદામાલ બીન કિંમતી હોય તેનો અપીલ સમય પૂર્ણ થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૨ મુજબ નિયમોનુંસાર નાશ કરવો. તેમજ આ કામે અગાઉ કિમતી મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. તેમજ જો કિમતી મુદ્દામાલ અંગે વચગાળાનો કોઇ હુકમ કરવામાં ન આવેલ હોય તો તે તેમના મુળ માલિંકની ખરાઇ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૦મી માહે માર્ચ, ૨૦૨૩ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૦/૦૩/૨૦૨૩ (પ્રણવ શરદ દવે )
મુ.: સુરત નવમાં અધિક જીલ્લા અને સત્ર ન્યાયાધીશ, સુરત.
[જી.જે.૦૧૫૪૪]